# પૌષક લિમિટેડ

CIN: L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઓફિસ: એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩
ફોનઃ +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
ઈ-મેલ: investors@paushak.com | વેબસાઇટ: www.paushak.com

## સભ્યોને પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગ સુવિધા આપવા બાબતની નોટિસ

સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમો ૧૦૮ અને ૧૧૦ ની જોગવાઈઓ અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪, ના નિયમો ૨૦ અને ૨૨ અન્વયે, સિક્યુરિટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૪ની સાથે વાંચાતા અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ("MCA") અને સિક્યુરિટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI") દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલા વિવિધ પરિપત્રો દ્વારા નિર્ધારિત પ્રક્રિયાના પાલન કરીને, જનરલ મીટિંગ્સ પર સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ("SS-2") અને અન્ય લાગુ કાયદા, નિયમો અને વિનિયમો (કોઈપણ વૈધાનિક ફેરફાર અથવા તેના પુનઃઅધિનિયમ સહિત), કંપનીએ નેશનલ સિક્યુરિટીસ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL") મારફતે તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ની પોસ્ટલ બેલેટ નોટિસ ("પોસ્ટલ બેલેટ નોટિસ") ઈ-મેલ દ્વારા ગુરુવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સભ્યોને, ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત વિશેષ ઠરાવના સંદર્ભમાં તેમની મંજૂરી માટે મોકલેલ છે.

એમસીએ પરિપત્રોનું પાલન કરતાં, આ પોસ્ટલ બેલેટ નોટિસ ફક્ત ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે સભ્યોને મોકલવામાં આવેલ છે, જેમના નામ ડિપોઝિટરીઝમાંથી મેળવેલ રજીસ્ટર ઓફ મેમ્બર્સ/ લાભાર્થી માલિકોની સૂચિ પર શુક્રવાર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ("કટ-ઓફ તારીખ") ના રોજ દર્શાવેલ છે, અને જેમના ઈ-મેલ એડ્રેસ કંપની/ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. કટ-ઓફ તારીખ પછી સભ્ય બનેલ વ્યક્તિ માટે પોસ્ટલ બેલેટ નોટિસ ફક્ત માહિતી માટે છે.

વધુમાં, એમસીએ પરિપત્રોનું પાલન કરતાં, કંપનીએ સભ્યો માટે તેમના ઈ-મેલ એડ્રેસની નોંધણી કરાવવા માટે જરૂરી વ્યવસ્થા કરી છે. જે સભ્યોએ તેમના ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર કર્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ (i) જો શેર ડીમેટ મોડમાં ધરાવતા હોય, તો ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ("DP") સાથે નોંધણી કરાવે, જ્યાં તેમના ડીમેટ એકાઉન્ટ્સ છે, અને (ii) જો શેર ફીઝીકલ મોડમાં ધરાવતાં હોય, તો નિયત ફોર્મ ISR-1 અને/અથવા અન્ય સંબંધિત ફોર્મ કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ લિંક ઈનટાઇમ ઈન્ડિયા પ્રા. લિમિટેડ ("LIIPL") માં તેમના ઈ-મેલ સરનામાં રજીસ્ટર કરવા વિનંતી કરવામાં આવે છે.

આ સૂચના કંપનીની વેબસાઇટ www.paushak.com પર, સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડ ની વેબસાઇટ www.bseindia.com પર અને NSDL ની વેબસાઇટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની સંમતિ અથવા અસંમતિ માત્ર ઈ-વોટિંગ દ્વારા આપે. ઈ-વોટિંગની સુવિધા NSDL દ્વારા પૂરી પાડવામાં આવે છે. ઈ-વોટિંગ સંબંધિત મહત્વની વિગતો અહીં નીચે આપવામાં આવી છે:

| | |
|---|---|
| ઇ-વોટિંગનો સમયગાળો શરૂ થશે | શનિવાર, ૧લી ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ સવારે ૯:૦૦ કલાકે IST. |
| ઇ-વોટિંગનો સમયગાળો સમાપ્ત થશે | રવિવાર, ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ ૫:૦૦ કલાકે IST. ત્યારબાદ NSDL દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલને બંધ કરવામાં આવશે. |

ઈ-વોટિંગ માટેની સૂચનાઓ પોસ્ટલ બેલેટ નોટિસમાં આપવામાં આવી છે. ઉપરોક્ત નોટિસમાં એવા સભ્યો માટે લોગિન ક્રેડેન્શિયલ સંબંધિત સૂચનાઓ પણ શામેલ છે, જે ફીઝીકલ મોડમાં અથવા ડીમેટ મોડમાં શેર ધરાવે છે અને જેમણે કંપની અથવા તેમના DP સાથે તેમના ઈ-મેલ એડ્રેસની નોંધણી કરાવી નથી.

ઈ-વોટિંગ સાથે સંકળાયેલ કોઈપણ પ્રશ્નો/ફરિયાદો હોય; તો તમે શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs), અને શેરધારકો માટે ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલ NSDLની વેબસાઇટ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ છે તેનો સંદર્ભ લઈ શકો છો અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૦૨૦-૯૯૦ અને ૧૮૦૦-૨૨૪-૪૩૦ પર કૉલ કરો અથવા શ્રીમતી પલ્લવી મ્હાત્રેને evoting@nsdl.co.in પર વિનંતી મોકલી શકો છો.

**પૌષક લિમિટેડ** વતી,
સહી/-
**મનીષા સરાફ**
કંપની સેક્રેટરી

**સ્થળ :** વડોદરા
**તારીખઃ** ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨

આ નોટીસ કંપનીની વેબસાઇટ www.paushak.com ઉપર ઇનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ www.bseindia.com ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ છે.